રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત, નવા ૯૧૫ કેસ

રાજ્યમાં કોરોના સંક્રમિતોનો આંકડો ૪૩ હજારને પાર, રાજ્યમાં એક્ટીવ કેસોનો આંકડો ૧૧૦૯૭, ૧૪નાં મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૦૭૧ : ૩૦૫૫૫ લોકો ડિસ્ચાર્જ થયા

ગાંધીનગર,તા.૧૪

રાજ્યમાં આજે સતત બીજા દિવસે કોરોના પોઝિટિવનો આંકડો ૯૦૦ ને પાર થયો છે.રાજ્યમાં ૨૪ કલાકમાં ૮૧૦૨ કોરોનાના ટેસ્ટ કરવામાં આવતા ૯૧૫ પોઝિટિવ કેસ નોંધાયા હતાં.આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોનો આંકડો ૪૩ હજારને પાર થઈ ૪૩૭૨૩ કેસ થયા છે. રાજ્યમાં આજે વધુ ૧૪ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૨૦૭૧ થયો છે. રાજ્યમાં આજે ૭૪૯ દર્દીઓ સાજા થઈને ઘરે જતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૩૦ હજારને પાર થઈ ૩૦૫૫૫ થયો છે.રાજ્યમાં કોરોનાના આજે એક્ટીવ કેસ ૧૧ હજારને પાર થઈ ૧૧૦૯૭ કેસ નોંધાયા છે.જેમાં ૭૦ દર્દીઓ વેન્ટિલેટર ઉપર અને ૧૧૦૨૭ દર્દીઓની હાલત સ્ટેબલ છે.રાજ્યમાં બે દિવસમાં ૯૦૦ ને પાર કેસો નોંધાતા બે દિવસમાં કુલ ૧૮૧૭ દર્દીઓ નોંધાયા છે.રાજ્યમાં કોરોનાનો વ્યાપ સતત વધતો જાય છે.રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૩, સુરત કોર્પોરેશનમાં ૩ અને સુરત શહેરમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૩, બનાસકાંઠામાં ૧, ભાવનગરમાં ૧ અને ગાંધીનગર કોર્પોરેશનમાં ૧ દર્દીના મોત સાથે કુલ ૧૪ દર્દીઓના રાજ્યમાં મૃત્યુ થયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૪ અને ગ્રામ્યમાં ૧૩ સાથે આજે કુલ ૧૬૭ દર્દીઓને કોરોના પોઝિટિવ આવતા કુલ કોરોના સંક્રમીતનો આંકડો ૨૩૪૨૬ થયો છે.

જ્યારે આજે વધુ ૩ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૫૨૫ થયો છે. જ્યારે સુરત શહેરમાં ૨૨૧ અને ગ્રામ્યમાં ૭૦ સાથે ૨૯૧ કેસો કોરોનાના આજે નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૮૪૦૬ થયો છે. સુરતમાં આજે વધુ ૫ મોત નોંધાતા મૃત્યુઆંક કુલ ૨૨૪ થયો છે. વડોદરા શહેરમાં ૫૬ અને ગ્રામ્યમાં ૨૦ સાથે આજે કોરોનાના ૭૬ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૨૦૨ થયો છે અને વધુ ૩ મોત આજે કોરોનાને લીધે નોંધાતા કુલ મૃત્યુઆંક ૫૪ થયો છે. ગાંધીનગરમાં ૧૪ અને શહેરમાં ૧૨ સાથે કુલ ૨૬ કોરોનાના કેસ નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૯૪૪ થયો છે. આજે વધુ ૧ મોત કોરોનાને લીધે કુલ મૃત્યુઆંક ૩૬ થયો છે. રાજ્યના ૮ કોર્પોરેશન અને ૩૦ જિલ્લામાં કોરોનાનો વ્યાપ વધ્યો છે. ભાવનગર કોર્પોરેશનમાં ૩૩ અને જિલ્લામાં ૧૨ સાથે ૪૫ કેસ કોરોનાના આજે નોંધાયા છે.

ક્યા જિલ્લામાં કેટલા કેસ

શહેર	કેસ	મૃત્યુ	ડીસ્ચાર્જ
અમદાવાદ	૨૩૪૨૬	૧૫૨૬	૧૮૨૨૭
સુરત	૮૪૦૬	૨૩૦	૫૨૧૪
વડોદરા	૩૨૦૨	૫૧	૨૩૧૨
રાજકોટ	૭૧૩	૧૭	૨૩૨
ભાવનગર	૬૮૭	૧૪	૨૨૭
ગાંધીનગર	૯૩૪	૩૬	૬૫૫
કચ્છ	૨૫૯	૦૭	૧૬૦
મહેસાણા	૪૮૨	૧૪	૨૦૬
ગીર-સોમનાથ	૧૩૯	૦૧	૫૦
પોરબંદર	૩૦	૦૨	૨૧
પંચમહાલ	૨૫૭	૧૬	૧૮૭
પાટણ	૨૯૫	૧૯	૨૦૩
છોટાઉદેપુર	૮૫	૦૨	૫૬
જામનગર	૩૮૦	૦૯	૧૯૬
મોરબી	૧૦૦	૦૪	૪૨
સાબરકાંઠા	૨૬૫	૦૮	૧૭૨
આણંદ	૩૧૭	૧૩	૨૬૭
દાહોદ	૧૭૧	૦૨	૫૫
ભરૂચ	૪૬૮	૧૧	૨૪૬
બનાસકાંઠા	૩૬૯	૧૫	૨૮૭
ખેડા	૩૪૪	૧૪	૨૦૫
બોટાદ	૧૨૫	૦૩	૮૧
નર્મદા	૧૧૨	૦૦	૯૫
અરવલ્લી	૨૫૨	૨૪	૨૧૪
મહીસાગર	૧૮૬	૦૨	૧૨૭
નવસારી	૨૮૦	૦૨	૧૫૧
તાપી	૫૦	૦૦	૨૩
વલસાડ	૩૬૫	૦૫	૧૪૮
જૂનાગઢ	૩૮૩	૦૭	૧૮૩
સુરેન્દ્રનગર	૩૪૮	૦૮	૧૪૩
દેવભૂમિ દ્વારકા	૨૯	૦૩	૨૩
ડાંગ	૦૭	૦૦	૦૪
અમરેલી	૧૮૦	૦૯	૮૮
કુલ	૪૩૭૨૩	૨૦૭૧	૩૦૫૫૫

મોડાસા શહેરમા મુખ્ય માર્ગ પર વરસાદી પાણીનો નીકાલ ના થતા રોગચાળાની ભીતી

મોડાસા નગરના સ્ટેટ બેંકથી થોડે દૂર બસ સ્ટેશન સામે શામળાજી રોડ પર વરસાદી પાણીનો નીકાલ ન થવાને કારણે પાણી ભરાઇ રહેતા દુકાનદારો ગ્રાહકો સહિત વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને આ રીતે ભરાઈ રહેતા વરસાદી પાણીને લીધે રોગચાળો ફાટી નીકળવાની પુરે પુરી શક્યતાઓ રહેલી છે. મોડાસા શહેરમા પહેલા વરસાદથી જ તંત્રની પોલ ખુલી જવા પામી છે. શહેરમા અન્ય વિસ્તારમાં પણ ગટરોના ખુલ્લા ઢાંકણને લઈને વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે, ત્યારે મોડાસા શહેર નગરપાલિકા તંત્રનો પ્રિમોન્સૂન પ્લાન નિષ્ફળ નીવડેલ હોઇ મુખ્ય ચાર રસ્તાથી સ્ટેટ બેંકની નજીક ભરાઈ રહેતા વરસાદી પાણીનો તાત્કાલિક નીકાલ કરવામાં આવે તેવું શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

રાજ્યમાં કોરોનાનો કહેર વધતા અનેક મંદિરો બંધ કરાયા

૮ જૂનથી મંદિરો ખોલવાના આદેશ બાદ પણ કોરોનાના વધતા સંક્રમણને જોતા મંદિરોના વહીવટદારોનો નિર્ણય

અમદાવાદ, તા. ૧૪

અનલોક-૧માં ૮ જૂનથી ગુજરાતભરના મંદિરો ખોલવાના આદેશ અપાયા હતા. ત્યારે ભક્તો પણ મંદિરોમાં દર્શન કરવા માટે આતુર બન્યા હતા. કેટલાક મંદિરના દરવાજા ૮મીએ ખૂલ્યા હતા, તો કેટલાક મંદિર તકેદારીના ભાગરૂપે બાદમા ખૂલ્યા હતા. પરંતુ હવે ભગવાનના દ્વારમાં ઘૂસેલા કોરોનાને પગલે ગુજરાતના કેટલાક મંદિરોએ પોતાના દરવાજા બંધ કરવાનો નિર્ણય લીધો છે. બોટાદનું સુપ્રસિદ્ધ સ્વામીનારાયણ મંદિર હરીભક્તો માટે બંધ કરાયું છે. કોરોનાને કારણે મંદિરના દરવાજા બંધ કરવાની જાહેરાત કરાઈ છે. કોરોનાનો કહેર હવે મંદિર સુધી પહોંચી ગયો છે. મંદિરના સંતો અને પૂજારીઓના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યાં છે. ત્યારે બોટાદમાં સાળગપુર બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના દરવાજા આજથી હરિભક્તો માટે બંધ કરાયા છે. હરિભક્તોને હવે મંદિરમાં દર્શન માટે પ્રવેશ નહીં આપવામાં આવે. વધતા જતા કોરોના વાયરસના કેસોને પગલે મંદિર વિભાગ દ્વારા આ નિર્ણય લેવાયો છે. આજથી અચોક્કસ મુદત સુધી મંદિર બંધ રહેશે. ત્યારે હરિભક્તો મંદિરના ઓનલાઈન જ દર્શન કરી શકશે.

ખેડામાં કોરોના સંક્રમણ વધી રહેવાને પગલે પ્રસિદ્ધ મીનાવાડા દશામાંનું મંદિર બંધ રહેશે. દશામા વ્રત દરમ્યાન મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ આવતા હોઈ આ નિર્ણય લેવાયો છે. કોરોનાના વધતા કેસોને પગલે સંક્રમણ અટકાવવા મંદિર મેનેજમેન્ટ દ્વારા આ નિર્ણય લેવાયો છે. દશામા વ્રત દરમ્યાન ૨૦ જુલાઈથી ૫ ઓગસ્ટ દરમ્યાન મીનાવાડા દશામાં મંદિર બંધ રહેશે.તો જૂનાગઢમાં જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મુખ્ય સુવર્ણ મંદિર ભાવિકો માટે બંધ કરાયું છે. શહેરમાં વધતાં જતાં કોરોના સંક્રમણને લઈને મંદિર દ્વારા આ નિર્ણય લેવાયો છે. ઓનલાઈન અને સોશિયલ મીડિયાના માધ્યમથી જ ભાવિકો દર્શન કરી શકશે. મંદિર દ્વારા આગામી નિર્ણય ન લેવાય ત્યાં સુધી જાહેર જનતા માટે દર્શનાર્થે મંદિર બંધ રહેશે.

ભિલોડા તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું મુખ્યમંત્રીના હસ્તે ઈ-લોકાર્પણ

ભિલોડા તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે ઈ-લોકાર્પણ ગાંધીનગર ખાતેથી કરાયું હતું. ભિલોડા તાલુકા પંચાયતનું વર્ષો જુનું મકાન જર્જરીત બનતા ૨૮૪.૯૦ લાખના ખર્ચે અદ્યતન નવનિર્મિત આધુનિક સુવિધાઓથી સજ્જ ભિલોડા તાલુકા પંચાયત કચેરીનું ઈ-લોકાર્પણ કરાતા અરજદારોમાં આનંદની લાગણી પ્રસરી છે.

કર્મયોગી ભવન ખાતે બપોરના સુમારે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાંથી એક કારના આગળના ભાગે ભારે માત્રામાં નુકશાન થવા પામ્યું હતું. જો કે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી. કર્મયોગી ભવન ખાતે અકસ્માતને પગલે થોડીવાર માટે મોટી સંખ્યામાં નાગરિકો એકઠાં થઈ ગયા હતા.

બળવાખોરો આઉટ...

● પહેલા પાનાનું ચાલુ

હાઈ કમાન્ડે નિર્ણય લીધો. સુરજેવાલાએ આ જાહેરાત કરતી વખતે પાયલટ પ્રત્યે ખુબ નારાજગી વ્યક્ત કરી અને જતાવી દીધુ કે પાર્ટીએ પાયલટને મનાવવામાં કોઈ કસર બાકી રાખી નહતી.

મીડિયા સામે સૂરજેવાલાએ કહ્યું કે 'સચિન પાયલટ અને કોંગ્રેસના કેટલાક મંત્રી તથા વિધાયક સાથીઓ ભાજપના ષડયંત્રમાં ભેરવાઈને કોંગ્રેસની સરકારને પાડવાની કોશિશમાં સામેલ થયાં.' તેમણે કહ્યું કે 'છેલ્લા ૭૨ કલાકથી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના ટોચના નેતૃત્વએ સચિન પાયલટ, સાથી મંત્રીઓ, વિધાયકો સાથે સંપર્ક કરવાની કોશિશ કરી. કોંગ્રેસ હાઈકમાન્ડે સચિન પાયલટ સાથે પોતે અડધો ડઝન વખત વાત કરી.' તેમણે કહ્યું કે 'કોંગ્રેસ કાર્યસમિતિના વરિષ્ઠ સભ્યોએ અનેકવાર વાત કરી. અમે અપીલ કરી કે પાયલટ અને બાકી ધારાસભ્યો માટે દરવાજા ખુલ્લા છે, પાછા ફરો, મતભેદ દૂર કરીશું.'

કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સૂરજેવાલાએ કહ્યું કે છેલ્લા ચાર દિવસથી કોંગ્રેસ નેતૃત્વએ ખુલ્લા મનથી કહ્યું કે પરિવારનો કોઈ સભ્ય જો ભટકી જાય, સવારનો ભૂલ્યો સાંજે પાછો ફરે તો તે ભૂલ્યો ન કહેવાય તે પરિવારનો સભ્ય જ છે બધી વાત સાંભળવામાં આવશે. દરેક વાતનો ઉકેલ લાવવામાં આવશે. પણ મને ખેદ છે કે સચિન પાયલટ અને તેમના કેટલાક મંત્રી સાથીઓ ભાજપના ષડયંત્રમાં ભટકીને કોંગ્રેસ પાર્ટીની જનતા દ્વારા ચૂંટાયેલી સરકારને પાડવાની કોશિશ કરી રહ્યાં છે જે સ્વીકાર્ય નથી.

આ બાજુ પાયલટને હટાવ્યા બાદ ખબર છે કે મુખ્યમંત્રી અશોક ગેહલોત રાજયપાલને મળવા માટે રાજભવન પહોંચ્યા છે. તેઓ રાજયપાલને રાજયમાં ચાલી રહેલા રાજકીય ઘટનાક્રમથી અવગત કરાવી શકે છે. એવું પણ કહેવાય છે કે રાજયપાલ સામે વિધાયકોની પરેડ પણ કરાવવામાં આવી શકે છે. ભારતીય ટ્રાયબલ પાર્ટી (બીટીપી)ના ધારાસભ્ય રાજકુમાર રાવતનો પણ એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તેઓ આરેપ લગાવી રહ્યાં છે કે અમને એક પ્રકારે કેદ કરવામાં આવ્યાં છે. અમારી ચારેબાજુ પોલીસનો પહેરો લગાવવામાં આવ્યો છે. અને અમને નીકળવા દેવામાં આવતા નથી.

યોજનાથી દુર...

● પહેલા પાનાનું ચાલુ

આકાર લઈ રહી છે અને ભારત તેના માટે ફંડ પ્રોવાઈડ કરવાનું હતું. ઈરાનના ટ્રાન્સપોર્ટ અને શહેરી વિકાસ મંત્રી મોહમ્મદ ઈસ્લામીએ ગત સપ્તાહે જ ૬૨૮ કિમી લાંબા રેલવે ટ્રેક નિર્માણનું ઉદ્ઘાટન કર્યું હતું. આ રેલવે લાઈનને અફઘાનિસ્તાનની જરાંજ સીમા સુધી વધારવામાં આવશે અને આ સમગ્ર પરિયોજના માર્ચ ૨૦૨૨સુધીમાં પૂરી કરી દેવાશે. ચીન સાથેની સમજૂતી બાદ હવે સસ્તા તેલના બદલામાં આ અટકી પડેલા પ્રોજેક્ટ્સ ચીનની કંપનીઓને સોંપી દેવામાં આવે તેવી શક્યતા છે. ઈરાનના રેલ વિભાગના કહેવા પ્રમાણે હવે તે ભારતની મદદ વગર જ આ પરિયોજના પર આગળ વધશે કારણ કે હવે તેને વધારે ટાળી શકાય તેમ નથી. ઈરાને કરેલી જાહેરાત પ્રમાણે આ પ્રોજેક્ટ માટે તે નેશનલ ડેવલપમેન્ટ ફંડમાંથી ૪૦ કરોડ ડોલરની ધનરાશિનો ઉપયોગ કરશે. પહેલા ભારતની સરકારી રેલવે કંપની ઈરકાન આ પરિયોજનાને પૂરી કરવાની હતી. આ પરિયોજના ભારતને અફઘાનિસ્તાન અને અન્ય મધ્ય એશિયાઈ દેશો સુધી એક વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા પૂર્ણ કરવા પાર પાડવાની હતી. તે માટે ઈરાન, ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી પણ થઈ હતી. ભારત પહેલાં ઈરાન ખાતેથી જ સૌથી વધારે કાચું તેલ આયાત કરતું હતું પરંતુ અમેરિકી પ્રતિબંધો બાદ તેમાં ભારે મોટો ઘટાડો કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈરાન યાત્રા દરમિયાન ચાબહાર સમજૂતી પર હસ્તાક્ષર થયા હતા.

હ્યુમન ટ્રાયલ...

● પહેલા પાનાનું ચાલુ

મોર્ડન, કૈનસિનો, ઈનોવિયો, બાયોએનટેક, ફાઈજર અને એસ્ટ્રજેનેકાની વેક્સિનનો પણ સમાવેશ થયો છે. એમ્સ પટનામાં આ રસીનું હ્યુમન પરીક્ષણ માટે ૧૮ લોકોની પસંદગી કરાઈ છે.

૧૯ દર્દીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી પ્રિન્ટીંગ પ્રેસમાં નોકરી કરતા અને અડાલજ રહેતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ તાલુકાના કરોલી ગામેથી એક ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને અમદાવાદ સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. માણસા તાલુકામાં આજે વધુ ૩ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. માણસા અર્બનમાંથી વધુ એક કેસ આજે આવ્યો છે. આ ઉપરાંત લોદરા ખાતેથી બે દર્દીઓ મળી આવ્યા છે. જેમાં એક મહિલા અને એક પુરૂષ દર્દી છે. આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જિલ્લામાં હાલ ૨૧,૫૪૭ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૨૧,૩૯૫ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૯૮ લોકો ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં તો ૫૪ લોકો પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી ૧૫૬ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં ૪૫૮ દર્દીઓ અત્યાર સુધીમાં રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. જિલ્લાતંત્ર દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે. જિલ્લાતંત્રના અધિકારીઓ પણ ગ્રામીણ વિસ્તારમાં જઈ સંક્રમણ ના વધે તે માટે લોકોમાં જાગૃતિ અભિયાન ચલાવી રહ્યા છે. જિલ્લાતંત્ર દ્વારા ૧૦ હજારથી વધુ સુપર સ્પ્રેડરોને હેલ્થ કાર્ડ પણ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત માસ્ક પહેર્યા વિના ફરતા લોકો સામે દંડનીય કાર્યવાહી કરી છે. જે દુકાનો પર સોશિયલ ડિસ્ટન્સીંગ ન જળવાતુ હોય તેવી દુકાનો પણ સીલ કરવાના હુકમો તંત્રએ કર્યા છે.

વધુ ૧૨ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડી પરિવારના સભ્યને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સોલાર પ્લાન્ટનો ખાનગી વ્યવસાય કરતા ૩૩ વર્ષીય પુરૂષ જે સે. ૧૩-એ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત ખાતરી આપતાં તંત્રએ તે મંજૂર રાખી છે. આ દર્દીના પરિવારમાં ૪ સભ્યો છે તેમને પણ તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ખાનગી વેપાર કરતા અને સે. ૩૦માં રહેતા એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ વેપારી દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જેને તંત્રએ મંજૂર રાખ્યો છે. આ દર્દીના પરિવારમાં ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સેક્ટર-૧ ની એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ મહિલા દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગૃહીણીના પરિવારના સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

અમદાવાદ ખાતે એસ.ટી. બસ નિગમમમાં ડ્રાયવર તરીકે નોકરી કરતા અને સે. ૧૩ ખાતે રહેતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૨ માંથી એક ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ મહિલા દર્દીને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. મહિલા દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨-ડી માં એક ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. જી.ઈ.બી. કોલોનીમાંથી એક ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરી અને તેણીનીના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૫-બી માંથી એક ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ રજુ કરી અને તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તે ગ્રાહ્ય રાખેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૫ માં રહેતા અને વેપાર કરતા એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૧ માં રહેતા અને ખાનગી વ્યવસાય કરતા એક ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનના વિકલ્પ સ્વીકાર્યા છે જ્યારે બાકીના દર્દીઓને હોસ્પિટલમાં સારાર માટે ખસેડવામાં આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૪૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. તંત્રનો દાવો છે કે રિકવરી રેટ સારો છે અને ૨૦૦ થી વધુ દર્દીઓને અત્યાર સુધીમાં રિકવરી થતાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

સંદેશો અપાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલાયેલા વ્યવહાર-વાણી અને વર્તન જોઈ એકતા સ્થાપવામાં બહુ સમય નહિ લાગે તેવી છાપ પ્રભારી મંત્રીને ઉભી થઈ હોવાની વાતો પાટનગરના રાજકીય વર્તુળોમાં ચર્ચાતી સાંભળવા મળી હતી.

મ્યુનિ. કમિશનરને વહીવટીય મર્યાદામાં ઝડપી નિર્ણયો કરવા માટે જણાવાયુ હતુ. આ ઉપરાંત સંવાદ એ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું જણાવી બન્ને પાંખ વચ્ચે સતત સંવાદ થાય તેના પર તેમણે વિશેષ ભાર મુક્યો હતો.

જો કે ૧૫ દિવસ બાદ પુનઃ આવી બેઠક બોલાવવામાં આવશે અને રજુઆતોના નિકાલ અંગે સમીક્ષા કરાશે તેવી વાતો પણ સચિવાલયના વર્તુળોમાં સાંભળવા મળી હતી.

પ્રભારી મંત્રી સમક્ષ કમિશનર કેટલીક ફાઈલો સાથે પહોંચ્યા હતા પરંતુ તેમણે કહ્યુ હતુ કે મને પરિણામમાં રસ છે. વહીવટ ગતિશીલ બને અને પ્રજાભિમુખ બને એ જ સરકારનો અભિગમ છે. સરકાર કક્ષાએ જે પ્રશ્નો પડતર હોય તેની અલગથી યાદી આપવા પણ કહ્યુ હતુ. સંગઠનની ગેરહાજરીમાં મળેલ આ બેઠક સૌહાર્દપૂર્ણ રહી હોવાનું મનાઈ રહ્યુ છે.

જાહેર નિવિદા

નગરપાલિકા ધાનેરામાં કચેરી કામે ભાડાની ગાડી પ્રતિ કિલોમીટરના ભાવથી ભાડે રાખવાની હોઈ ગાડી ભાડે આપવા ઈચ્છતા વાહન માલિકોએ મોડલ-૨૦૧૯ સુધીની ગાડી બંધ બોડી, એસી, ઈનોવા, ટવેરા, સ્કોરપિયો, બોલેરોના એક કિલોમીટર સુધીના ભાવ જેમાં ડ્રાઈવર, ડીઝલ વિગેરે મરામત અને નિભાવણી સહિતનો તમામ ખર્ચ ગણી એક કિલોમીટરનો ભાવ આપવાનો રહેશે. ભાવ બંધ કવરમાં ફક્ત રજી.પો.એડીથી નગરપાલિકા કચેરી ધાનેરાને તા. ૨૮-૭-૨૦૨૦ સુધી મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. ભાવો સાથે ગાડીના તમામ સાધનિક કાગળો, ડ્રાઈવરનું ડ્રાઈવિંગ લાયસન્સ વિગેરે મોકલવાના રહેશે.

એસ.એમ.અન્સારી	વસંતીબેન વી. ગલચર	યુસુફખાન એમ. બેલીમ
મુખ્ય અધિકારી	ઉપપ્રમુખ	પ્રમુખ
નગરપાલિકા ધાનેરા	નગરપાલિકા ધાનેરા	નગરપાલિકા ધાનેરા

જાહેર નિવિદા

મારુતી સુઝુકી SX4 VXI કાર નં. જીજે/૧૮/જી/૨૭૦૦ (પેટ્રોલ), મોડલ-૨૦૦૯, જ્યાં છે ત્યાં અને જેવી છે તેવી હાલતમાં જાહેર હરાજીથી વેચવાની છે. તા. ૧૭/૭/૨૦૨૦ થી તા. ૧૮/૭/૨૦૨૦ સુધીમાં કચેરી સમય દરમિયાન પ્રશ્ન હેઠળના વાહનને જોવા માટે સેક્શન અધિકારી, (ય૨શાખા), સામાન્ય વહીવટ વિભાગ/આયોજન પ્રભાગ, બ્લોક નં.૭, ૪થો માળ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરનો સંપર્ક કરવાથી બ્લોક નં. ૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગરના સામે રાખેલ સદરહુ વાહન જોઈ શકાશે. ભાવપત્રકો તા. ૨૩/૭/૨૦૨૦ સુદીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી.થી અથવા રૂબરૂમાં કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ દર્શાવેની નીચેન સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલબંધ કવરમાં મળેલ ભાવપત્રકો તા. ૨૪/૭/૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે નાયબ સચિવશ્રી (વહીવટ) સા.વ.વિ./આયોજન પ્રભાગની ચેમ્બરમાં ખોલવામાં આવશે. મહત્તમ ભાવપત્રક સ્વીકારવું કે કેમ, તેની સત્તા સક્ષમ અધિકારીને રહેશે. જે પાર્ટીનું ભાવપત્રક સ્વીકારવામાં આવશે તે પાર્ટીએ દર્શાવેલ ભાવપત્રક મુજબની રકમ તથા તે ઉપર સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ચૂકવવાપાત્ર થતો વાણિજ્યવેરો ભરવાનો રહેશે. તેમજ સદરહુ કારનો નવેસરથી વિમો લેવાનો રહેશે. તળિયાની કિંમત રૂ. ૮૦,૦૦૦/- (અંકે રૂપિયા એંસી હજાર પૂરા છે.)

સેક્શન અધિકારી, ય.૨ શાખા,
સામાન્ય વહીવટ વિભાગ/આયોજન
બ્લોક નં.૭, ૪થો માળ, સરદાર ભવન,
ફોન નં. ૦૭૯-૨૩૨-૫૦૪૩૦

માહિતી/૪૪૫/૨૦-૨૧

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત સરકાર
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન

**COVID-19 તપાસ માટે રાજ્ય સરકારની ખાસ પહેલ